
# યુએસ ઓપન: અલ્કારાઝની વિજયી વાપસી

**કાંડાની** ઇજાને કારણે એપ્રિલથી કોર્ટથી દૂર અલ્કારાઝે સીધા સેટમાં પહેલો રાઉન્ડ જીત્યો

**મહિલા** સિંગલ્સમાં ઓસાકા, સ્વિટેક, મુચોવા જીતી, બેજલેક, બુક્સા હારીને બહાર

**પુરુષ** સિંગલ્સમાં સ્ટેન વાવરિંકા, સ્ટેફાનો સિતસિપાસે પ્રથમ રાઉન્ડ જીતી આગેકૂચ કરી



ન્યૂ યોર્ક, તા. 01 (AP) : કાર્લોસ અલ્કારાઝે યુએસ ઓપનમાં વિજય સાથે પુનરાગમન કર્યું છે અને તે ફરી એકવાર ખિતાબ જીતવા માટે સંપૂર્ણપણે ફિટ દેખાઈ રહ્યો છે. અલ્કારાઝે ગઈકાલે સોમવારે રાત્રે રોમન સફિઉલિનને 6-4, 6-4, 6-4 થી પરાજય આપ્યો હતો. એપ્રિલ મહિનાથી જમણા કાંડાની ઈજાના કારણે રમતથી દૂર રહેલા 23 વર્ષીય સ્પેનિશ ખેલાડીમાં મેચ દરમિયાન ઈજાની કોઈ અસર જોવા મળી નહોતી.

આર્યના સબાલેન્કા બાદ આર્થર એશ સ્ટેડિયમમાં મેદાનમાં ઉતરેલો સેકન્ડ સીડેડ અલ્કારાઝ મેચ આગળ વધવાની સાથે વધુ સહજ દેખાતો હતો. તેણે ન્યૂ યોર્કના ચાહકોમાં લોકપ્રિય એવું પોતાનું ઓલ-રાઉન્ડ પ્રદર્શન રજૂ કર્યું હતું. મેચની અંતિમ ગેમમાં એક સરસ વોલી વિનર શૉટ માર્યા પછી તેણે ચાહકોનો ઉત્સાહ વધારવા કાન પર હાથ મૂક્યો હતો અને મુઠ્ઠી વાળીને ખુશી વ્યક્ત કરી હતી.

જો સાત વખતનો ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન અલ્કારાઝ ફિટ રહેશે, તો તે ઝડપથી આ ટૂર્નામેન્ટનો પ્રબળ દાવેદાર બની શકે છે; કારણ કે ટોપ રેન્કિંગ ધરાવતો જેનિક સિનર ઘૂંટણની ઈજાને કારણે બહાર છે અને ચોથો ક્રમાંક ધરાવતો નોવાક જોકોવિચ રવિવારે યુએસ ઓપનના પહેલા જ રાઉન્ડમાં હારી ગયો હતો.

સોમવારે મેદાનમાં ઉતરેલા અન્ય યુએસ ઓપન ચેમ્પિયન્સમાં નાઓમી ઓસાકા, ઈગા સ્વિયાતેક અને 2016ના વિજેતા સ્ટેન વાવરિંકાનો સમાવેશ થાય છે. વાવરિંકા સંન્યાસ લેતા પહેલાં પોતાની અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટની શરૂઆતમાં મેટેઓ બેરેટિનીનો સામનો કરી રહ્યો હતો. જોકોવિચ બાદ અન્ય એક ટોપ-10 સીડેડ ખેલાડી પણ બહાર થઈ ગયો હતો.

સિંસિનાટીમાં ટાઇટલ જીતનાર 10મો સીડેડ ઓર્થર ફિલસ, સ્ટેફાનોસ સિતસિપાસ સામે 4-6, 7-6 (3), 6-1, 6-4 થી હારી ગયો હતો. વખત યુએસ ઓપનમાં અનસીડેડ તરીકે રમી રહેલા સિતસિપાસને પૂછવામાં આવ્યું કે શું તે ફરીથી એ ફોર્મ મેળવી શકે છે જે તેને વર્લ્ડ નંબર 3 સુધી લઈ ગયું હતું અને જેના લીધે તે જોકોવિચ સામે બે ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ રમ્યો હતો. ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે "કેમ નહીં?"

વિમ્બલ્ડનની રનર-અપ અને 7મી સીડેડ કારોલિના મુચોવાએ સિંજા ક્રાઉસ સામે 6-3, 6-0 થી આસાન જીત મેળવી હતી. પરંતુ સિંસિનાટીમાં સબાલેન્કાને હરાવીને ચોંકાવી દેનાર તેની જ સમકાલીન ચેક ખેલાડી અને 28મી સીડેડ સારા બેજલેક, ક્રિસ્ટીના બુકસા સામે ત્રણ સેટમાં હારી ગઈ હતી.

# અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝ માટે બુમરાહ-હર્ષિતની ટીમમાં વાપસી

**બુમરાહ** હર્ષિત, નીતિશ અને સુંદરની ફિટનેસ પુરવાર કરવાની શરતે ટીમમાં પસંદગી, હાર્દિક ઇજાને કારણે બહાર

**પસંદગીકારોએ** જાપાનમાં રમાનારી એશિયન ગેમ્સમાં ભાગ લેનારી ટીમના ખેલાડીઓને જ આ સીરિઝ માટે પસંદ કર્યા



નવી દિલ્હી, તા. 01 (પીટીઆઇ) : મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહને મંગળવારે અહીં અફઘાનિસ્તાન સામે રમાનારી ત્રણ મેચની ટી-20 ઇન્ટરનેશનલ સીરિઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ તેની પસંદગી ફિટનેસ ક્લિયરન્સ પર આધારિત રહેશે. પસંદગીકારોએ આ મહિનાના અંતમાં આઈચી-નાગોયામાં યોજનારી એશિયન ગેમ્સ માટે પસંદ કરાયેલી ટીમ જેવી જ ટીમ પસંદ કરી છે. અફઘાનિસ્તાન 13, 15 અને 17 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય રાજધાનીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારત સામે ત્રણ ટી-૨૦ મેચનું યજમાની કરશે.

ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર, ઝડપી બોલર હર્ષિત રાણા સહિત, ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB) દ્વારા આયોજિત સીરિઝ માટે તેમની ઉપલબ્ધતા પણ તેમની ફિટનેસ પર આધારિત રહેશે. અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે ફક્ત એ જ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે જે આ મહિનાના અંતમાં જાપાનના આઈચી-નાગોયામાં યોજનારી એશિયન ગેમ્સમાં ભાગ લેશે. ઈંગ્લેન્ડ સામેની ભારતની વનડે સીરિઝ દરમિયાન ઘૂંટણની ઇજા બાદ બુમરાહ ભારતીય ટીમમાં પાછો ફર્યો છે. ઇજાને કારણે તે શ્રીલંકા સામેની ભારતની બે ટેસ્ટ મેચની સીરિઝમાં પણ રમી શક્યો ન હતો.રસપ્રદ વાત એ છે કે, સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પગની ઇજા અને ક્વાડ્રિસેપ્સના ખેંચાણને કારણે અફઘાનિસ્તાન સામેની આગામી સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. પંડ્યા ઇન્ડિયન પ્રીમિયર લીગની 2026 સીઝનના અંત પછીથી રમતથી દૂર છે. તેની છેલ્લી ઇન્ટરનેશનલ મેચ માર્ચમાં ટી-20 વર્લ્ડકપ ફાઇનલ હતી.

**ત્રણ મેચની સીરિઝ માટેની ભારતીય ટીમ**

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા.

# પાકિસ્તાન ક્રિકેટમાં રાજીનામાનો દોર શરૂ, મિસ્બાહની બે પદ છોડવાની તૈયારી

**મિસ્બાહ** ઉલ હકે પસંદગી પેનલમાંથી રાજીનામુ આપવાની દરખાસ્ત કરી, એનસીએના બેટિંગ સલાહકાર પદેથી પણ રાજીનામુ



ઇસ્લામાબાદ, તા. 01 : ઇંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં શરમજનક હાર બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સીરિઝની મધ્યમાં ટીમમાં મોટા ફેરફારો કર્યા. દરમિયાન, મિસ્બાહ-ઉલ-હકે પાકિસ્તાનની પુરુષ પસંદગી સમિતિના પસંદગીકાર તરીકે રાજીનામું આપવાની ઓફર કરી છે. મિસ્બાહ માર્ચમાં રચાયેલી ચાર સભ્યોની પસંદગી સમિતિનો ભાગ હતો, જેમાં આકિબ જાવેદ, સરફરાઝ અહેમદ અને અસદ શફીકનો પણ સમાવેશ થતો હતો.

એક અહેવાલ મુજબ, પાકિસ્તાનના માજી કેપ્ટન મિસ્બાહે પસંદગી પેનલમાંથી રાજીનામું આપવાની ઓફર કરી છે. તે આ વર્ષે માર્ચમાં પસંદગી સમિતિમાં જોડાયો હતો. પીસીબીએ હજુ સુધી તેમનું રાજીનામું સ્વીકાર્યું નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે મિસબાહે લાહોરમાં નેશનલ ક્રિકેટ એકેડેમીમાં બેટિંગ સલાહકાર તરીકેના પદ પરથી પણ રાજીનામું આપી દીધું છે.

મિસ્બાહ-ઉલ-હકે 2017 માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. ત્યારથી, તેમણે PCB માં વિવિધ ભૂમિકાઓ નિભાવી છે. 2019 માં, તેણે મુખ્ય કોચ અને મુખ્ય પસંદગીકારની ભૂમિકાઓ સંભાળી. તેમણે મુખ્ય કોચ તરીકેની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઓક્ટોબર 2020 માં મુખ્ય પસંદગીકાર તરીકે પદ છોડ્યું, અને તે પછીના વર્ષે મુખ્ય કોચ તરીકે પણ. 2023 માં, તે સમયના એડ-હોક મેનેજમેન્ટ કમિટીના વડા, ઝાકા અશરફે તેમને સલાહકાર તરીકે નિયુક્ત કર્યા, અને ત્યારથી તેઓ PCB સાથે રહ્યા છે. તેમણે 2024-25 મેન્સ ચેમ્પિયન્સ કપ માટે માર્ગદર્શક તરીકે સેવા આપી.

# દુલીપ ટ્રોફી : સેન્ટ્રલ ઝોનને હરાવી ઈસ્ટ ઝોન ફાઈનલમાં

**મહંમદ** શમી અને મુકેશ કુમારની પ્રભાવક બોલિંગ અને સૂર્યવંશીની ઇનિંગની મદદથી ઇસ્ટ ઝોન જીત્યું

બેંગલુરુ, તા. 01 (પીટીઆઈ) : બંગાળના ઝડપી બોલરો મોહમ્મદ શમી અને મુકેશ કુમારની શાનદાર બોલિંગ અને ત્યારબાદ વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર ઈનિંગ્સના જોરે, ઈસ્ટ ઝોને આજે મંગળવારે સેમી ફાઈનલના ત્રીજા દિવસે ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોનને ચાર વિકેટથી હરાવીને દુલીપ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો.

શમી અને મુકેશે તેમની વચ્ચે સાત વિકેટ વહેંચી અને બીજી ઈનિંગમાં સેન્ટ્રલ ઝોનને 158 રનમાં ઓલઆઉટ કર્યું. ત્યારબાદ ઈસ્ટ ઝોને છ વિકેટ ગુમાવવા છતાં 159 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. સ્પિનરો માટે વધુને વધુ અનુકૂળ બનતી પિચ પર 159 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઈસ્ટ ઝોન માટે મજબૂત શરૂઆત મહત્વપૂર્ણ હતી. 43 બોલમાં 40 રન કરનારા સૂર્યવંશીએ પોતાની ઈનિંગના બે અલગ અલગ રૂપ બતાવ્યા તેણે 30 બોલમાં પોતાના પહેલા 15 રન બનાવ્યા, જે પહેલી ઈનિંગમાં 42 બોલમાં ફટકારેલી તેની અડધી સદીથી તદ્દન વિપરીત હતા. આ સમયગાળા દરમિયાન, તેણે ફાસ્ટ બોલર આર્યન પાંડેને ફક્ત એક છગ્ગો ફટકાર્યો. ત્યારબાદ તેણે ફક્ત 13 બોલમાં 25 રન બનાવ્યા, જેમાં બીજા છગ્ગા અને ત્રણ ચોગ્ગાનો સમાવેશ થાય છે. તેના ઓપનિંગ પાર્ટનર, અભિમન્યુ ઈશ્વરને શરૂઆતમાં તેના કરતા ઝડપી રન બનાવ્યા. સૂર્યવંશીના આઉટ થવાથી પૂર્વ ઝોનની ઈનિંગ્સમાં શાંતિ આવી. ત્યારબાદ ટીમે નિયમિત અંતરાલે વિકેટ ગુમાવવાનું શરૂ કર્યું, અને પીછો અચાનક મુશ્કેલ લાગવા લાગ્યો. જો કે કેપ્ટન ઈશાન કિશને આત્મવિશ્વાસપૂર્ણ ઈનિંગ્સ રમીને પોતાની ટીમને વિજય તરફ દોરી ગયો.

# ટીમો ઈચ્છે તો હોટલની પોતાની વ્યવસ્થા કરવા માટે સ્વતંત્ર છે : જાપાન ક્રિકેટ

**એશિયન** ગેમ્સમાં ભાગ લેતી ટીમોને હોટલમાં રહેવાની સુવિધા છે પણ પોતાના સ્તરની હોટલની વ્યવસ્થા તેઓ જાતે કરી શકે : મિયાજી



નવી દિલ્હી, તા. 01 (પીટીઆઈ) : જાપાન ક્રિકેટ એસોસિએશન (જેસીએ)ના ચીફ એક્ઝિક્યુટિવ નાઓકી એલેક્સ મિયાજીએ બુધવારે જણાવ્યું હતું કે એશિયન ગેમ્સમાં ભાગ લેતી ટીમોને હોટેલમાં રહેવાની સુવિધા આપવામાં આવી છે પરંતુ જો તેઓ ઈચ્છે તો પોતાના સ્તરની હોટલની વ્યવસ્થા જાતે પણ કરી શકે છે. ઘણા મોટા ક્રિકેટ રાષ્ટ્રોએ ખંડીય ઈવેન્ટ દરમિયાન આપવામાં આવતી રહેઠાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

તાજેતરમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની બેઠકમાં, મુખ્ય ક્રિકેટ રાષ્ટ્રોએ રહેઠાણ સહિત વિવિધ લોજિસ્ટિકલ મુદ્દાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. એવું નોંધાયું હતું કે ખેલાડીઓ માટે રહેવાની વ્યવસ્થા આઈચી પ્રીફેક્ચરના નિશિન શહેરમાં કોરોગી સ્પોર્ટ્સ પા ર્કથી લગભગ 20 કિલોમીટર દૂર કરવામાં આવી છે.

મિયાજીએ પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું કે એશિયન ગેમ્સનું આયોજન આઈચી-નાગોયા ગેમ્સ ઓર્ગેનાઈઝિંગ કમિટી (AINAGOC) દ્વારા ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (OCA) ના નેજા હેઠળ ACC ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. જેસીએએ કેટલાક ક્ષેત્રોમાં સહાય પૂરી પાડી છે, પરંતુ તે આ ઈવેન્ટમાં સીધી રીતે સામેલ નથી, તેથી હું તમારા બધા પ્રશ્નોના સીધા જવાબ આપવાની સ્થિતિમાં નથી. હું ચોક્કસપણે કહી શકું છું કે એશિયન ગેમ્સમાં ક્રિકેટની સફળતા સુનિશ્ચિત કરવા માટે બધા હિસ્સેદારો સખત મહેનત કરી રહ્યા છે.

એશિયન ગેમ્સ 17 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે. મિયાજીએ રહેઠાણ અંગેની ચિંતાઓ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, ઘણી અન્ય રમતોમાં રમતવીરોને વધુ મર્યાદિત સુવિધાઓ સાથે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઘણી અન્ય રમતોના ખેલાડીઓને ક્રુઝ શિપ અથવા કન્ટેનર હોટલ જેવી મર્યાદિત સુવિધાઓમાં રાખવામાં આવી રહ્યા છે. ટીમો જો ઈચ્છે તો પોતાના રહેવાની વ્યવસ્થા કરી શકે છે એવું તેમણે કહ્યું હતું. તેમણે એવા અહેવાલોને પણ ફગાવી દીધા કે ખેલાડીઓ માટે શૌચાલય રમતના મેદાનથી ઓછામાં ઓછા અડધો કિલોમીટર દૂર હશે.

# ચાલુ પ્રવાસમાંથી સાત ખેલાડીને ઘરભેગા કરવા મામલે PCB પર ટીકાનો મારો

**ઈંગ્લેન્ડથી** સાત ખેલાડીઓને પાછા મોકલવાનો PCBનો નિર્ણય હાસ્યાસ્પદ : માજી કોચ મીકી આર્થર

**પાકિસ્તાનના** માજી કેપ્ટન મિયાંદાદ, રાશિદ લતીફ, શાહિદ આફ્રિદી, શોએબ મલિકે પણ ટીકા કરી

કરાચી, તા. 01 (પીટીઆઇ) : પાકિસ્તાનના માજી ખેલાડીઓ તેમજ માજી કોચે ઇંગ્લેન્ડમાં ચાલી રહેલી ટેસ્ટ સીરિઝની મધ્યમાં બે કોચને બરતરફ કરવા અને સાત ખેલાડીઓને તેમના વતન પાછા મોકલવાના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના નિર્ણયની આકરી ટીકા કરી છે. જે ખેલાડીઓને ઘરે પાછા મોકલવામાં આવ્યા છે તેમાં ટી20 ટીમના કેપ્ટન સલમાન અલી આગા, ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ રિઝવાન અને બેટ્સમેન ઈમામુલ હકનો સમાવેશ થાય છે. 9 સપ્ટેમ્બરથી બર્મિંગહામમાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ માટે ટીમમાં યુવા અને બિનઅનુભવી ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય કોચ સરફરાઝ અહેમદ અને બોલિંગ કોચ ઉમર ગુલને પણ દૂર કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશી મુખ્ય કોચ મિકી આર્થરે આ નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો.

## સાંગવાનની અડધી સદીથી નોર્થ ઝોનનો સંઘર્ષ

બેંગલુરુ, તા. 01 : સનત સાંગવાનની 76 રનની સંઘર્ષપૂર્ણ ઈનિંગની મદદથી, નોર્થ ઝોને મંગળવારે અહીં દુલીપ ટ્રોફી સેમી ફાઈનલના ત્રીજા દિવસે સાઉથ ઝોન સામે બીજા દાવમાં સાત વિકેટે 256 રન બનાવીને પોતાનો સંઘર્ષ ચાલુ રાખ્યો હતો. નોર્થ ઝોને 139 રનની સરસાઈ મેળવી લીધી છે અને તેની ત્રણ વિકેટ બાકી છે. દિવસની શરૂઆતમાં, સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્માએ 116 રનની નોટઆઉટ ઈનિંગ રમી હતી તેણે કાવુરી સૈથેજા સાથે 10મી વિકેટ માટે 42 રનની ભાગીદારી કરીને ટીમને પ્રથમ ઈનિંગમાં 312 રન સુધી પહોંચાડતા તેમને 117 રનની નોંધપાત્ર સરસાઈ મળી.

## સુડોકુ ‘કૃતિ’ ૭૮૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૬ | | | ૨ | | ૧ | |
| ૯ | ૧ | ૫ | | ૩ | | | ૨ | |
| | | ૭ | ૧ | ૪ | | ૩ | ૫ | |
| ૨ | ૮ | ૪ | | | ૭ | ૬ | | ૫ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૯ | ૮ | | | ૩ |
| | ૩ | ૯ | | | | ૧ | ૭ | |
| ૪ | | ૩ | ૯ | | ૧ | ૫ | | |
| | ૯ | ૨ | | | ૩ | | ૬ | |
| | | | ૨ | | | ૪ | ૩ | ૯ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## આજનું પંચાંગ

**તા. 02/09/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: છઠ- 28.27- બુધ પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો: 11
**યોગ :** ધ્રુવ **કરણ:** ગર
**નક્ષત્ર :** ભરણી: 25:44
**રાશિ:** મેષ (અ,લ,ઈ)
**દિવસ :** સામાન્ય- રાંધણછઠ- શુક્રતુલામાં 13:46થી
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુકાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નેતૃત્વ ક્ષમતાનો વિકાસ થાય અને પ્રભાવ વધશે. અચાનક કોઈ તક મળે. આવકના સાધનો વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** પોતાના કામને પૂર્ણ કરવાની કોશિશ કરવી. અચાનક નવી જવાબદારી અને કામનો બોજ વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** ભાગ્યના સાથનો અનુભવ થાય. અટકેલા કામ અને નાણાં છૂટા થાય રોમેન્ટીક મુલાકાત થાય.

**કર્ક (ડ,હ,):** ઉપરી વર્ગનો સાથ મળે. નવા કામની તક મળે. નોકરીમાં નવો ફેરફાર થાય. આવક વધારવાની તક મળે.

**સિંહ (મ,ટ,):** વિદ્યાભ્યાસ, કારોબાર, કોઈ ટ્રેનિંગ કે પ્રવાસને લગતાં કામમાં ભાગ્યનો સાથ મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** વાહન સંભાળપૂર્વક ચલાવવું. લેવડ-દેવડ ટાળવો. પડવા-વાગવાથી સાવધાન. અચાનક ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** તમારા નવા વિચારો નવી ઓળખ ઊભી કરશે. જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે. રોજના કામમાં મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** કાર્યસ્થળ પર હરીફોની યોજના નિષ્ફળ રહે અને નોકરીમાં પ્રભાવ વધે. બેંક વગેરે આર્થિક બાબતે સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં આત્મીયતા વધે. કારોબારમાં પ્રગતિ થાય. નવા લોકોથી સાવધાન સામાજિક સંબંધો મજબૂત બને.

**મકર (ખ,જ,):** કારોબાર કે કાર્ય સ્થળ પર સહકર્મીઓનો સાથ મળે. અચાનક રચનાત્મક કાર્યમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કાર્ય સ્થળ તેમજ અન્ય કામ વગેરેમાં સાહસ અને આત્મવિશ્વાસથી નિર્ણય લેવાથી સફળ બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** સામાજિક સંબંધો મજબૂત બને. પારિવારિક કારોબારમાં સફળતા મળે. ઉઘરાણી આવી શકે છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

જજ જસ્ટિસ સંદીપ મહેતા દ્વારા ચીફ જસ્ટિસ સૂર્યકાંતને લખેલા પત્રો જાહેર થયાના દિવસો બાદ સામે આવ્યો છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### અરુચિ

આકડાના ફૂલ સૂકવી ચૂર્ણ બનાવી રાખો. તેમાં ચોથા ભાગે મરી અને ચોથા ભાગે સંચળ ભેળવી ત્રણ રતિ અર્થાત્ ત્રણસો મીલીગ્રામ ચૂર્ણ સવાર, સાંજ લેવાથી ભૂખ ઉઘડશે.

## કોઈ પણ સાલમાં 02 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી તક અને નવાં ફેરફાર તથા ટેકનોલોજીથી અનુકૂળતા વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આરોગ્ય સામાન્ય રહે. ઊંમરલાયકના વિવાહ થાય અને પ્રેમ વિવાહની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનૂકુળતાથી શાંતિનો અનુભવ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વડીલો મિત્રોનો સાથ મળે. વિદેશમાં વિદ્યાભ્યાસની ઈચ્છામાં વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામમાં ગતિ આવે. આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન રોજિન્દા જીવનમાં મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર 02,11, 20,29 તારીખે નવા કામ કરવાં. સફેદ, ક્રીમ અને લાઈટ લીલા રંગનો ઉપયોગ કરવો. જાન્યુઆરી- ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05, 08, તારીખે નવા કામ ટાળવા. લીલો, નીલા અને કાળો રંગ ટાળવો. ચંદ્ર ના ઉપાય કરતા રહેવું.

સીજેઆઈને 2 ઓગસ્ટ, 10 ઓગસ્ટ અને 17 ઓગસ્ટે મોકલેલા પત્રોમાં (જેની નકલ સુપ્રીમ કોર્ટ કોલેજિયમના અન્ય સભ્યોને પણ મોકલવામાં આવી હતી) જસ્ટિસ મહેતાએ જસ્ટિસ શર્મા પર 'સત્તાના દુરુપયોગ'નો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તેમને તેમની સામે અનેક ફરિયાદો મળી છે.

**નેપાળમાં પૂર વચ્ચે બહરાઈચથી નેપાળગંજ રોડ ટ્રેન સેવાનો વિસ્તાર**

પડોશી દેશ નેપાળમાં આવેલા વિનાશક પૂરને પગલે સોમવારે કોઈ પણ પ્રકારના ઝાકઝમાળ વગર ઉત્તર પ્રદેશના બહરાઈચથી નેપાળ સરહદ નજીક આવેલા નેપાળગંજ રોડ રેલવે સ્ટેશન સુધીની ચાર હાલની ટ્રેન સેવાઓને વિસ્તારવામાં આવી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, જેઓ દિલ્હી સ્થિત રેલવે મંત્રાલયના મુખ્યાલય રેલ ભવનથી વર્ચ્યુઅલી જોડાયા હતા અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નેપાળગંજ રોડ-વારાણસી સિટી સેક્શન પર કોઈ પણ શણગાર વિનાની ટ્રેનનું ઉદ્ઘાટન કરતાં પહેલાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. આ પ્રસંગે કોઈ ઔપચારિક લીલી ઝંડી બતાવવામાં આવી ન હતી.

સામાન્ય ઉદ્ઘાટન સમારોહમાં ટ્રેનને ફૂલોથી શણગારવામાં આવે છે અને સ્ટેશન પર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. આ પ્રસંગે 56 કિમીના નેપાળગંજ રોડ-નાનપારા-બહરાઈચ રેલ સેક્શનના ગેજ કન્વર્ઝન (મીટરગેજમાંથી બ્રોડગેજ) અને વીજળીકરણનું કામ પૂર્ણ થવાનો પણ સંકેત આપ્યો હતો.

**પર્યાવરણ મંત્રાલયની વૈશ્વિક બેઠકો**

આ વર્ષના અંતમાં તુર્કીના અંતાલ્યામાં યોજનારી યુનાઈટેડ નેશન્સની વાર્ષિક ક્લાઈમેટ કોન્ફરન્સ પહેલાં ઓગસ્ટ મહિના દરમિયાન અગ્રણી બહુપક્ષીય બેઠકો અને પરિષદોને કારણે પર્યાવરણ મંત્રાલય વ્યસ્ત રહ્યું હતું.

સૌપ્રથમ ભારત દ્વારા આયોજિત બ્રિક્સ જૂથની બેઠકોમાં મુલાકાતે આવેલા પ્રતિનિધિમંડળો વચ્ચે ગહન ચર્ચા થઈ હતી. આ પછી પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવની જાપાનના પર્યાવરણ રાજ્ય મંત્રી સાથેની બેઠક યોજાઈ હતી, અને ત્યારબાદ રણ અટકાવવા અંગેના યુએન કોન્ફરન્સ માટે મંગોલિયાની મુલાકાત લેવામાં આવી હતી.

મંગોલિયા કોન્ફરન્સના તુરંત બાદ ઇન્ડો-જર્મન એન્વાયર્નમેન્ટ ફોરમની બેઠક આવે છે જે ગઈ કાલે સોમવારે શરૂ થઈ હતી.

**CJP આંદોલનકારીઓ**

પ્રદર્શનકારીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને, અમે સંપૂર્ણ ન્યાય આપવા માટે બંધારણની કલમ 142 હેઠળ અમારી સત્તાઓનો ઉપયોગ કરીએ છીએ. કલમ 142 સર્વોચ્ચ અદાલતને પૂર્ણ ન્યાય આપવા માટે કોઈપણ આદેશ પસાર કરવાની સત્તા આપે છે. બેન્ચે જણાવ્યું હતું કે કલમ 142નો આ ઉપયોગ બંને પક્ષો દ્વારા સમક્ષ રજૂ કરાયેલી સમજૂતીનું પાલન કરવાને આધીન હતો. આ આદેશ સોલિસિટર જનરલ તુષાર મહેતાના એ નિવેદન બાદ આવ્યો છે જેમાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર તેમજ મહારાષ્ટ્ર, અસમ, બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્યોએ આ વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલી એફઆઈઆર રદ કરવાની માંગ કરી હતી.

આત્મહત્યા કરનારાઓના પરિવારોને વળતર આપવાના મુદ્દા પર ધ્યાન આપતા, કોર્ટે કેન્દ્રને આ અંગે દેશવ્યાપી નીતિ ઘડવા અને પીડિત પરિવારોને ત્રણ મહિનામાં રકમ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.

સીજેપીના સહ-સંયોજક સૌરવ દાસે બેન્ચ સમક્ષ રજૂ થઈને જૂથ વતી એક નિવેદન વાંચી સંભળાવ્યું હતું. દાસે કહ્યું, સીજેપી 5 સપ્ટેમ્બરે યોજાનારી માર્ચનું આહ્વાન પાછું ખેંચવું યોગ્ય માને છે અને આજના આદેશના પાલનની અપેક્ષા રાખે છે. સીજેપીએ 5 સપ્ટેમ્બર એટલે કે શિક્ષક દિને દિલ્હીમાં વિરોધ માર્ચનું આહ્વાન કર્યું હતું. તેણે કેન્દ્ર સરકાર પર પરીક્ષાઓમાં ગડબડ અને નીટ પેપર લીક સામેનું 36 દિવસનું આંદોલન પાછું ખેંચવા માટે 25 જુલાઈના રોજ આપેલા વચનો પૂરા ન કરવાનો આરોપ લગાવ્યો હતો. આદેશ પછી કેન્દ્રીય મંત્રી નડ્ડાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, દેશના યુવાનોનું કલ્યાણ અને પ્રગતિ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

**દીક્ષેએ ચુકાદાને**

ઠેરવી હતી.

### ગંભીર ગુનાહિત ઇતિહાસ ધરાવતા 2,873 જણા સામે નવી એફઆઇઆર નોંધાશે

કેન્દ્રની વિનંતીનો સ્વીકાર કરીને, સર્વોચ્ચ અદાલતે દિલ્હી પોલીસને જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શનમાં હાજર રહેલા ગંભીર ગુનાહિત ઇતિહાસ ધરાવતા 2,873 વ્યક્તિઓ સામે નવી એફઆઈઆર નોંધવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાનો સમાવેશ કરતી આ બેન્ચે સોલિસિટર જનરલ મહેતાની રજૂઆતો નોંધ પર લીધી અને તેના આદેશનો વ્યાપ વધાર્યો. કોર્ટે કહ્યું, જો 20 જુલાઈથી 25 જુલાઈ દરમિયાન કોઈપણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં આ જ વિરોધ પ્રદર્શન અંગે અન્ય કોઈ એફઆઈઆર નોંધવામાં આવી હોય, જે આ કોર્ટ સમક્ષ નથી, તો તેનો આગળ વધારાશે નહીં અને તેને બંધ ગણવામાં આવશે.

### કોંગ્રેસે પેલેટ ગનનો પ્રશ્ન ઉઠાવ્યો

કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના વડા સુપ્રિયા શ્રીનાતે પ્રદર્શનકારીઓને મળેલી રાહતનું સ્વાગત કરતા, આંદોલન દરમિયાન પેલેટ ગનના કથિત ઉપયોગ પર સવાલો ઉઠાવ્યા હતા અને ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીઓ માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરી હતી. શ્રીનાતે પીટીઆઈ વીડિયોઝને જણાવ્યું, મોટો સવાલ એફઆઈઆરનો નથી પરંતુ પેલેટ ગન કોણે ચલાવી તે છે? શું અમિત શાહ જાણતા હતા કે વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવામાં આવનાર છે? જો તેઓ આ અંગે જાણતા હતા તો તેમણે આપણા વિદ્યાર્થીઓ પર હિંસા આચરી છે, અને જો તેઓ નહોતા જાણતા તો તે તેમની અક્ષમતા દર્શાવે છે, અને બંને કિસ્સામાં તેઓ ગૃહમંત્રી રહેવાને લાયક નથી.

**મોદી-પુતિન-**

ચીનના પ્રમુખ જિનપિંગ સાથે કોઈ રૂબરૂ બેઠક નિર્ધારિત નહોતી. દિવસ દરમિયાન ગ્રુપ ફોટોગ્રાફ માટે પોઝ આપતા પહેલા વડાપ્રધાન મોદીએ ઝી અને પુતિન સાથે ટૂંકી વાતચીત કરી હતી, તેમની મુલાકાત ટૂંક સમયમાં એક જમાવડામાં ફેરવાઈ ગઈ કારણ કે તેમના સહયોગીઓ તેમની આસપાસ એકઠા થઈ ગયા હતા. આ વાતચીત લગભગ દોઢ મિનિટ સુધી ચાલી હતી.

**આતંકવાદ સામેની**

કે આ ગંભીર મુદ્દા પર બેવડા માપદંડો માટે કોઈ સ્થાન હોઈ શકે નહીં. પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે વાત કરતા વડાપ્રધાને કહ્યું કે, આ સ્થિતિ દર્શાવે છે કે એક ક્ષેત્રનો સંઘર્ષ માત્ર તે ક્ષેત્ર પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વમાં અનુભવાય છે.